ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(ગુજરાત સરકારનુ સાહસ)
" જલસેવા ભવન", એરફોર્સની કચેરીની સામે, સેકટર-૧૦-એ,ગાંધીનગર
પીએબીએકસ નં.૯૯૭૮૪૪૧૧૦૧ અને ફોન ૦૭૯૨૩૨૨૯૧૬૨ ફેકસ નંબર ૦૭૯૨૩૨૨૫૯૭૯

# કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ બાબત..

## જાહેરાત ક્રમાંક : (૧) GWSSB/201718/1 (૨) GWSSB/201718/2

ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ દ્વારા અધિક મદદનીશ ઇજનેર(સિવિલ/યાંત્રિક)ના સંવર્ગમાં સીધી ભરતી માટેની પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક:GWSSB/201718/1 અને GWSSB/201718/2ની લેખિત કસોટી તા.૧૭/૦૬/૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ હતી. ઉકત સ્પર્ધાત્મક લેખિત કસોટીને અંતે જે તે સંવર્ગમાં ભરવાની થતી જગ્યાઓના કેટેગરી વાઇઝ મેરીટના ધોરણે કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે કવોલીફાય થયેલા ઉમેદવારોની યાદી તા.૧૫/૦૯/૨૦૧૮ના રોજ બોર્ડની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી. સદરહુ યાદીમાં દર્શાવેલ અધિક મદદનીશ ઇજનેર(સિવિલ)ના-૪૪૩ ઉમેદવારો અને અધિક મદદનીશ ઇજનેર(યાંત્રિક) ના-૧૧૮ ઉમેદવારોની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ તા.૧૬/૦૨/૨૦૧૯ના રોજ રાખવામાં આવેલ છે, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ-પરીક્ષાનું સ્થળ,પરીક્ષાનો સમય તથા કોલલેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ પરીક્ષાની તારીખના ૧૦ દિવસ પહેલાં બોર્ડની વેબસાઇટ" www.gwssb.gujarat.gov.in" પર મૂકવામાં આવશે તથા કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ અંગેના કોલલેટર વેબસાઇટ **https://ojas.gujarat.gov.in** ઉપરથી ડાઉનલોડ કરવાના રહેશે. જેની સંબંધિત તમામ ઉમેદવારોએ ખાસ નોંધ લેવા તેમજ બોર્ડની વેબસાઇટ અવશ્ય જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.

સભ્ય સચિવ

## :: કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી (કાર્યક્ષમતા) કસોટી સંબંધમાં ઉમેદવાર માટેની સૂચનાઓ ::

(આ તમામ સૂચનાઓની પ્રિન્ટ મેળવી ,અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે)

| | |
|---|---|
| ૧ | કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી (કાર્યક્ષમતા) કસોટી કુલ ૫૦ ગુણની રહેશે. જેનો સમય ૧-૦૦ કલાકનો છે.આ કસોટીનો અભ્યાસક્રમ તથા ગુણભાર નીચે મુજબ છે. |

| પ્રશ્ન ક્રમાંક | વિષયનુ વિવરણ | ગુણ |
|---|---|---|
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૧૦ ગુણ |
| ૨ | ઇ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ ) | ૧૦ ગુણ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૦ ગુણ |
| ૪ | અંગ્રેજી ટાઇપીંગ, ગુજરાતી ટાઇપીંગ તથા વર્ડ ફોર્મેટીંગ | ૨૦ ગુણ |
| | કુલ | ૫૦ ગુણ |

| | |
|---|---|
| ૨ | એકસેલ સ્પ્રેડશીટ, ઇ-મેઇલ કરવા તથા પાવર પોઇન્ટ અંગ્રેજી ભાષામાં રહેશે અને પ્રશ્નપત્રની હાર્ડ કોપી આપવામાં આવશે. પરંતુ ઇ-મેઇલમાં ફાઇલ એટેચમેન્ટ સોફટકોપીમાં રહેશે.વર્ડ ટાઇપીંગ ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં રહેશે. અને તે અંગેના ફકરા હાર્ડ કોપીમાં આપવામાં આવશે. વર્ડ ફોર્મેટીંગ ફકરો અંગ્રેજી ભાષામાં અને સોફટ કોપીમાં રહેશે. પરંતુ કમાન્ડ હાર્ડકોપીમાં આપવામાં આવશે. પ્રશ્નપત્ર પરીક્ષા પૂર્ણ થયા બાદ નિરીક્ષકશ્રી (ઇન્વીજીલેટર)ને ફરજીયાતપણે પરત કરવુ. પ્રશ્નપત્ર કે તે અંગેની માહિતી ઉમેદવારને પરીક્ષા બાદ કોઇપણ તબકકે આપવામાં આવશે નહી. પ્રશ્નપત્ર પરત નહી કરનાર ઉમેદવારના માર્કસ ગણત્રીમાં લેવામાં આવશે નહી. |
| ૩ | આપના કોલલેટર–ક્રમ-હાજરીપત્રક(હોલ ટીકિટ) ઉપર આપના બેઠક નંબરનુ સ્ટીકર હાજરીપત્રકના અડધિયા પર નિરીક્ષકશ્રી(ઇન્વીજીલેટર) દ્વારા લગાડવામાં આdવશે અને અડધિયુ પરીક્ષા પૂર્ણ થયા બાદ નિરીક્ષકશ્રી (ઇન્વીજીલેટર)ને ફરજીયાતપણે પરત કરવાનુ રહેશે. |
| ૪ | આ કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) ટેસ્ટ માઇક્રોસોફટ ઓફીસ-૨૦૦૭ના વર્ઝન(Version)માં લેવામાં આવશે. કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) ટેસ્ટમાં ગુજરાતી ભાષા માટે ફોન્ટ શ્રુતિ અને માઇક્રોસોફટ ઇન્ડીક લેન્ગ્વેઝ ઇનપૂટ ટુલ ૩ રહેશે.આ સોફટવેરમાં આઠ(૦૮) કી બોર્ડ ઉપલબ્ધ છે.<br>(1) GUJARATI TRANSLITERATION<br>(2) GUJARATI TYPEWRITER<br>(3) GUJARATI TYPEWRITER(G)<br>(4) GUJARATI INSCRIPT<br>(5) GODREJ INDICA<br>(6) REMINGTON INDICA<br>(7) SPECIAL CHARACTERS<br>(8) GUJARATI TERAFONT |
| ૫ | આ પરીક્ષામાં આપનો પ્રવેશ બોર્ડની જાહેરખબર અને તેને સંબંધિત સૂચનાઓને આધારે આપે ભરેલ અરજીપત્રકમાંની વિગતો અને તે હેઠળની બાંહેધરીના ખરાપણાને આધીન રહીને આપવામાં આવે છે. |
| ૬ | જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની જરૂરી શૈક્ષણિક લાયકાત પરિપૂર્ણ કરતા ન હોય તો આ સૂચના અન્વયે આપને આ પરીક્ષામાં નહી બેસવા માટે સલાહ આપવામાં આવે છે. |
| ૭ | પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપે ડાઉનલોડ કરેલ કોલલેટર–કમ-હાજરીપત્રક ઉપર પોતાનો ફોટો ચોટાડી પરીક્ષાખંડમાં અચૂક સાથે લાવવાનો રહેશે.અન્યથા આ પરીક્ષામાં આપને બેસવા દેવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં જેવો ફોટો અપલોડ કરેલો હોય તેવો જ ફોટો કોલલેટર-કમ-હાજરીપત્રકમાં ચોંટાડવો ફરજીયાત છે. |

| | |
|---|---|
| ૮ | ઉમેદવારે પરીક્ષાના એક કલાક અગાઉ પરીક્ષા સ્થળે બોર્ડના અધિકારીશ્રીને રીપોર્ટીંગ કરવાનુ રહેશે અને આપને ફાળવવામાં આવેલ બ્લોકમાં આપના બેઠક નંબર ઉપર બેસવાનુ રહેશે. આપે બેઠક મેળવ્યા બાદ આપને કોમ્પ્યુટર માટેના યુઝર આઇડી અને પાસવર્ડ આપવામાં આવશે જેનાથી લોગ-ઇન થવાનુ રહેશે. |
| ૯ | ગુજરાતી ટાઇપીંગ,અંગ્રેજી ટાઇપીંગ, વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને ઇ-મેઇલની પરીક્ષા, સોફ્ટવેર દવારા આપવામાં આવેલ વર્ડ,એકસેલ,પાવર પોઇન્ટ અને આઉટલુકમાં જ આપવાની રહેશે. વર્ડ, એકસેલ, પાવર પોઇન્ટ અને ઇ-મેઇલની પરીક્ષામાં ઉમેદવારે કોઇ અલગ ફાઇલ બનાવવાની રહેશે નહી. જો કોઇ ઉમેદવાર પરીક્ષાના સોફ્ટવેર સિવાય કોમ્પ્યુટર પર ફાઇલ ઓપન કરી પરીક્ષા આપશે તો ઉમેદવારનુ પરિણામ માન્ય ગણાશે નહી. |
| ૧૦ | પરીક્ષામાં હાજરી આપતી વખતે ઉમેદવારે ઓળખ માટે ઇલેકશનકાર્ડ, આધારકાર્ડ,ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ કે સ્કૂલ/કોલેજનુ ફોટાવાળુ અસલ ઓળખપત્ર પૈકીનો ઓછામાં ઓછો કોઇ પણ એક પુરાવો સાથે રાખવાનો રહેશે અને નિરીક્ષકશ્રી (ઇન્વીજીલેટર) માંગે ત્યારે બતાવવાનો રહેશે. |
| ૧૧ | કોલલેટરમાંની આ સૂચનાઓ ઉપરાંત બોર્ડની વેબસાઇટ https://gwssb.gujarat.gov.in/ પરની વખતો વખતની સુચનાઓ પણ અચૂકપણે વાંચવી. |
| ૧૨ | ઉમેદવારે પરીક્ષાની શરૂઆતમાં કોલલેટર-કમ-હાજરીપત્રક(હોલ ટીકીટ)ના અડધિયામાં પોતાની તેમજ નિરીક્ષકશ્રી(ઇન્વીજીલેટર)ની સહી કરાવી લેવાની રહેશે.તેમજ હાજરીપત્રકની નીચેના ભાગનુ અડધિયુ પરીક્ષાખંડના નિરીક્ષકશ્રી(ઇન્વીજીલેટર)ને પરત સોંપ્યા બાદજ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર ફકત પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ પોતાની પાસે રાખી શકશે. |
| ૧૩ | કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી ટેસ્ટ શરૂ થતાં પહેલા તમામ ઉમેદવારોએ ફરજીયાતપણે બાયોમેટ્રીક પધ્ધતિથી ફીંગરપ્રિન્ટ આપવાની રહેશે અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પુન:ફીંગરપ્રિન્ટ આપવાની રહેશે. તે સમયે જો કોઇ ઉમેદવારના ફીંગરપ્રિન્ટ મેચ નહી થાય તો તેવા ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે. |
| ૧૪ | પરીક્ષાખંડમાં ઉમેદવારે કોઇપણ પ્રકારના ઇલેકટ્રોનીકસ ઉપકરણો જેવા કે મોબાઇલ ફોન, પેન ડ્રાઇવ, લેપટોપ, કોઇપણ પ્રકારનુ ઇલેકટ્રોનીકસ રેકોર્ડર લઇ જઇ શકશે નહી. જો કોઇ ઉમેદવાર પાસે આવા કોઇ ઉપરકણ ઉપલબ્ધ થશે તો તેમજ તેવા કોઇ ઉપકરણનો ઉપયોગ કર્યો હશે નહી તો પણ તે ઉમેદવારને અયોગ્ય સાધનનો ઉપયોગ કરવા બદલ/રાખવા બદલ દોષિત ગણીને તેમની ઉમેદવારી ગેરલાયક ઠરાવવામાં આવશે. |
| ૧૫ | ઉમેદવારને કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર, બોર્ડ તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉમેદવારને પોતાનુ કી બોર્ડ લાવવાની પરવાનગી આપવામાં આવશે નહી. કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) કસોટી શરૂ થતાં પહેલાં અને પરીક્ષા ખંડમાં પ્રવેશ્યાબાદ કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર બરાબર ચાલે છે તેની ખાત્રી ઉમેદવારે કરી લેવાની રહેશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ આ બાબતે કોઇ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૧૬ | કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) કસોટી સમયે કોમ્પ્યુટરમાં કોઇ ટેકનીકલ ખામી જણાય તો ઉમેદવારે અન્ય ઉમેદવારને ખલેલ પહોંચાડયા વગર તેમજ પોતે કોઇ પગલાંઓ લીધા વગર પોતાનુ સ્થાન જાળવી રાખીને (ઉભા થયા વગર) નિરીક્ષકશ્રી(ઇન્વીજીલેટર)ને જાણ કરવાની રહેશે. |
| ૧૭ | કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) કસોટી માટે ઉમેદવાર એક જ વાર" Log-in" થઇ શકશે. |
| ૧૮ | કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) કસોટી શરૂ થયા પહેલાં ઉમેદવારે કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર આપેલ આવશ્યક પૂર્તતા કરી લીધી છે તે બાબતે ખાસ કાળજી રાખવાની રહેશે. જરૂરી પૂર્તતા ઉમેદવારે કરી લીધી નહી હોય તો તેના માટે ઉમેદવાર પોતે જવાબદાર ગણાશે. |

| | |
|---|---|
| ૧૯ | ત્યારબાદ પોતાનુ યુઝર નેઇમ અને પાસવર્ડ(જે કોમ્પ્યુટર લેબમાં ઉમેદવારને આપવામાં આવશે) એન્ટર કરીને કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) ટેસ્ટની વિન્ડોઝ ખોલવાની રહેશે. ત્યારબાદ કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી (કાર્યક્ષમતા) કસોટી શરૂ થવાની પાંચ મીનીટ પહેલાં ઉમેદવાર "મોક ટેસ્ટ ટાઇપીંગ" કરી શકશે. પાંચ મીનીટનુ "મોક ટેસ્ટ ટાઇપીંગ" પૂર્ણ થયા પછી કોમ્પ્યુટર પ્રોગ્રામ સ્ક્રીન ખૂલશે. જેમાં ઉમેદવારે કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી (કાર્યક્ષમતા) ટેસ્ટ આપવાનો રહેશે. |
| ૨૦ | ઉમેદવારે પરીક્ષા ખંડમાં તેમને આપવામાં આવતી સૂચનાઓનુ અચૂકપણે પાલન કરવાનુ રહેશે. |
| ૨૧ | પ્રશ્નપત્રના પ્રશ્ન ક્રમાંક : ૦૧ થી ૦૫ અંતર્ગત તેના જવાબમાં કરવામાં આવેલ ભૂલો જેવી કે, સ્પેલીંગ જોડણીની ભૂલ, માર્જીન સેટીંગ, ફોન્ટ સાઇઝ,ટાઇપકામની ભૂલ બાબતે, માર્કીંગ, બોર્ડના નિર્ણય અનુસાર કરવામાં આવશે. તમામ પ્રશ્નોના ગુણાંકનની પધ્ધતી બોર્ડ દવારા નકકી કર્યા મુજબની જ રહેશે. જે તમામ ઉમેદવારો માટે આખરી અને બંધનકર્તા રહેશે. |
| ૨૨ | કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) ટેસ્ટમાં ઉત્તિર્ણ થવા માટે લઘુત્તમ લાયકી ગુણ (Minimum Qualifying Marks) નુ ધોરણ દરેક કેટેગરીના ઉમેદવારો માટે ૫૦ % (પચાસ ટકા) ગુણનુ નિયત થયેલ છે. |
| ૨૩ | કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) ટેસ્ટ (ભાગ-૨)નો સમયગાળો ૧-૦૦ કલાકનો રહેશે. ૧-૦૦ કલાક બાદ ટાઇપ થવાનુ આપોઆપ બંધ થઇ જશે. ૧-૦૦ કલાક પહેલાં કોઇ ઉમેદવાર પોતે પરીક્ષા Submit કરી શકશે નહી. જે બાબતની નોંધ લેવી. |
| ૨૪ | કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) ટેસ્ટ (ભાગ-૨)નુ પરિણામ કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ આધારીત હોઇ, તેના રીચેકીંગ અંગેની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ. |
| ૨૫ | સમગ્ર ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી વચગાળાના તબકકે ગુણ,પરિણામની અરજી કે પરીક્ષા સંબંધિત કોઇપણ બાબતની માહિતી મેળવવા માટેની કોઇ પણ પ્રકારની અરજી/રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૨૬ | ઉમેદવાર ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા જણાશે તો શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે. |

# કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) કસોટીના અભ્યાસક્રમ સંબંધમાં ઉમેદવાર માટેની સૂચનાઓઃ-

(૧) કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) કસોટી કુલ ૫૦ ગુણની રહેશે. જેનો સમય ૧-૦૦ કલાકનો છે.આ કસોટીનો અભ્યાસક્રમ તથા ગુણભાર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) એકસેલ સ્પ્રેડશીટ | ૧૦ ગુણ |
| (૨) ઇ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ ) | ૧૦ ગુણ |
| (૩) પાવર પોઇન્ટ | ૧૦ ગુણ |
| (૪) અંગ્રેજી ટાઇપીંગ, ગુજરાતી ટાઇપીંગ તથા વર્ડ ફોર્મેટીંગ | ૨૦ ગુણ |

(૨)
- એકસેલ સ્પ્રેડશીટ, ઇ-મેઇલ કરવા તથા પાવર પોઇન્ટ અંગ્રેજી ભાષામાં રહેશે અને પ્રશ્નપત્રની હાર્ડ કોપી આપવામાં આવશે.
- ઇ-મેઇલમાં ફાઇલ એટેચમેન્ટ સોફટકોપીમાં રહેશે.
- વર્ડ ટાઇપીંગ ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં રહેશે અને તે અંગેના ફકરા હાર્ડ કોપીમાં આપવામાં આવશે. વર્ડ ફોર્મેટીંગ ફકરો અંગ્રેજી ભાષામાં અને સોફટ કોપીમાં રહેશે. પરંતુ કમાન્ડ હાર્ડકોપીમાં આપવામાં આવશે.

(૩) પ્રશ્નપત્ર પરીક્ષા પૂર્ણ થયા બાદ નિરીક્ષકશ્રી(ઇન્વીજીલેટર)ને ફરજીયાતપણે પરત કરવુ. પ્રશ્નપત્ર કે તે અંગેની માહિતી ઉમેદવારને પરીક્ષા બાદ કોઇપણ તબકકે આપવામાં આવશે નહી. પ્રશ્નપત્ર પરત નહી કરનાર ઉમેદવારના માર્કસ ગણત્રીમાં લેવામાં આવશે નહી.

(૪) આ કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) ટેસ્ટ માઇક્રોસોફટ ઓફીસ-૨૦૦૭ના વર્ઝન (Version)માં લેવામાં આવશે. કોમ્પ્યુટર પ્રોફિસીન્યસી(કાર્યક્ષમતા) ટેસ્ટમાં ગુજરાતી ભાષા માટે ફોન્ટ શ્રુતિ અને માઇક્રોસોફટ ઇન્ડીક લેન્ગ્વેઝ ઇનપૂટ ટુલ- ૩ રહેશે.

આ સોફટવેરમાં આઠ(૦૮) કી-બોર્ડ ઉપલબ્ધ છે.

(1) GUJARATI TRANSLITERATION
(2) GUJARATI TYPEWRITER
(3) GUJARATI TYPEWRITER(G)
(4) GUJARATI INSCRIPT
(5) GODREJ INDICA
(6) REMINGTON INDICA
(7) SPECIAL CHARACTERS
(8) GUJARATI TERAFONT